# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૨૧૬૬-૧ તારીખ : ૨૩ - ૦૩ - ૨૦૨૨

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,
હર્ષદભાઈ સુરેશભાઈ માંડલિયા
એ-૨૦૪, શ્રીમદ આંગન, અભિરામ પાર્ક-૧ પાછળ, રાજલક્ષ્મી સોસાયટી પાછળ, મોરબી રોડ, ઓવર બ્રીજ પાસે,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૦૩
મોબાઈલ : ૯૪૨૮૨૫૬૩૩૯ ૯૭૩૭૭૪૬૦૫૬

વિષય : બીલમાં સ્લેબ મુજબ બીલ કરી જમા આપવા બાબત.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૦/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માધાપર રાજકોટ શહેર.

(૪) મેનેજર (ટેકનીકલ), એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ, રીજીઓનલ ઓફીસ: ૬૦૫, સ્ટર્લીંગ સેન્ટર,અલકાપુરી પોલીસ સ્ટેશનની સામે, આર.સી.દત રોડ,વડોદરા - ૩૯૦૦૦૭

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૦/ક્વા-૪/૨૧-૨૨/ 2166-1 તા. 23-03-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૦/ક્વા-૪/૨૧-૨૨**

| | |
|---|---|
| અરજદાર | : હર્ષદભાઈ સુરેશભાઈ માંડલિયા ગામ: રાજકોટ |
| પેટા વિભાગીય કચેરી | : માધાપર |
| રજૂઆત કરનાર | : અરજદાર શ્રી હર્ષદભાઈ સુરેશભાઈ માંડલિયા તેમજ પટેલીયા રાજેશ પી. હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૩ |
| રજૂઆત કરનાર | : શ્રી એમ.આર.માકડિયા,કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી - **રાજકોટ** શહેર-૩ હાજર રહેલ છે. |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | - શ્રી આર.જી.ગોવાણી |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૦૩-૦૩-૨૦૨૨ (ગુરુવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૩-૦૩-૨૦૨૨ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નં. ૩૦૭૩૭/૦૫૧૦૭/૮ થી રહેણાંક વીજજોડાણ ધરાવે છે સદર ગ્રાહક નંબરના વીજબીલમાં મીટર રીડર ઓછુ બીલ આપતા જે બાબતે અરજદારને જાણ ન હતી. પરંતુ ચેકીંગમાં કે મીટરરીડર બદલતા બધું બીલ એક સાથે આવેલ છે. સદર એકસાથે આવેલ બીલ અરજદારે ભરી આપેલ છે. વધુમાં અરજદાર જણાવે છે કે સદર બીલ એકસાથે આવતા બિલીંગ સ્લેબનો જે

લાભ ગ્રાહકને મળવો જોઈએ તેના બદલે ઉચા બિલીંગ સ્લેબ મુજબ બીલ મળેલ હોવાથી બિલીંગ સ્લેબનો યોગ્ય લાભ મળેલ ન હોય સદર એકસાથે આવેલ બીલ બિલીંગ સ્લેબ મુજબ રીવાઈઝ કરી આપી સદર વીજબીલમાં રાહત આપવા અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે માધાપર સબડીવીઝનના ગ્રાહક શ્રી હર્ષદભાઈ સુરેશભાઈ માંડલિયા દ્વારા તેઓના રહેણાંક વીજ કનેક્શન ગ્રાહક નંબર-૩૦૭૩૭-૦૫૧૦૭-૮ ના માહે મેં-જુન-૨૧ બીલમાં સ્લેબ મુજબ બીલ સુધારો કરી આપવા રજૂઆત કરેલ છે.

3.૧ ગ્રાહક શ્રી એસ.આર.ડેવલોપર્સ c/o, અનિલકુમાર કે. થી ઘરવપરાશનું વિજ્જોડાણ માધાપર સબ ડીવીઝનમાં તા.૦૯.૦૯.૨૦૧૯ થી ધરાવે છે.

3.૨ સદર વિજ્જોડાણનું માહે મે-જૂન ૨૦૨૧ માં ૨૯૨૪ વીજવપરાશી યુનિટનું રકમ રૂ.૨૨૭૬૮.૨૩ નું બીલ આવેલ છે. જે બિલ અન્વયે અરજદારને અસંતોષ થતાં તા.૧૪.૦૭.૨૦૨૧ના રોજ મીટર બદલાવેલ છે તેમજ સદર મીટરના તા.૨૦.૭.૨૦૨૧ ના લેબપરીક્ષણ મુજબ મીટર બરાબર છે. જેથી ગ્રાહકને આપેલ બિલ યોગ્ય હોવાથી ગ્રાહક દ્વારા તા.૧૮.૮.૨૦૨૧ ના રોજ રસીદ નં RO391626 થી રૂ.૧૭૭૦૦/- ભરપાઈ કરેલ છે.

3.3 ગ્રાહક દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં અરજી કરતાં માધાપર સબડીવીઝન દ્વારા પત્ર નં ૧૨૬૨ તા.૧૬.૦૨.૨૦૨૨ થી ગ્રાહકશ્રીને પ્રત્યુતર આપેલ છે તેમજ બિલીંગ એજન્સીને પણ સદર બાબતે ખુલાસો પુછેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદારને તા.૦૨-03-૨૦૨૨ ના પત્રથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જાણ કરેલ છે તે મુજબ માહે મે-જુન-૨૦૨૧ ના બીલમાં અસંતોષ હોય જેથી એમ.આર.આઈ. અહેવાલના આધારે બીલ રીવાઈઝ કરતા રૂ.૩૭૨૧.૫૦ જમા આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદાર શ્રી હર્ષદભાઈ સુરેશભાઈ માંડલિયા ઘરવપરાશનું જોડાણ ગ્રાહક નંબર-૩૦૭૩૭/૦૫૧૦૭/૮ થી માધાપર પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને તા.૦૮-૦૭-૨૦૨૧ ના રોજ બિલીંગ માસ માહે મે-જુન-૨૦૨૧ માં તા.૦૮-૦૭-૨૦૨૧ ના રોજ ૨૯૨૪ યુનીટનું રૂ.૨૨૭૬૮.૨૩ નું વીજબીલ અપાયેલ હતું. સદર બીલ અરજદારે સ્લેબ મુજબ રીવાઈઝ કરવા અત્રેના ફોરમને રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૧૪.૦૭.૨૦૨૧ના રોજ મીટર બદલાવેલ છે તેમજ સદર મીટરના તા.૨૦.૭.૨૦૨૧ ના લેબપરીક્ષણ મુજબ મીટર બરાબર છે અને મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે જે મીટરના એમ.આર.આઈ.માં ઉપલબ્ધ બિલીંગ પેરામીટર નીચે મુજબ નોંધાયેલ છે.

| As per MRI Billing history | C KWh | Consumption KWh |
|---|---|---|
| 01-08-20 | 572.67 | |
| 01-09-20 | 755.53 | 182.86 |
| 01-10-20 | 989.09 | 233.56 |
| 01-11-20 | 1234 | 244.91 |
| 01-12-20 | 1420.25 | 186.25 |
| 01-01-21 | 1609.3 | 189.05 |
| 01-02-21 | 1797.06 | 187.76 |
| 01-03-21 | 2003.19 | 206.13 |
| 01-04-21 | 2306.5 | 303.31 |
| 01-05-21 | 2568.04 | 261.54 |
| 01-06-21 | 2833 | 264.96 |
| 01-07-21 | 3118.42 | 285.42 |
| Current 20-07-21 | 3252.93 | 134.51 |

અરજદારના ગ્રાહક નં ૩૦૭૩૭/૦૫૧૦૭/૮ ના બિલીંગ પી.આર.ટી.-૧૪૫ મુજબ નીચે મુજબ વીજ વપરાશ નોંધાયેલ છે.

| BILING PERIOD | CURR-RDG | CONSMPTN | MST | BILL-DATE |
|---|---|---|---|---|
| SEP,OCT,19 BIL NOV,19 | 0 | 0 | | 05-11-19 |
| NOV,DEC,19 BIL JAN,20 | 1 | 1 | | 03-01-20 |
| JAN,FEB,20 BIL MAR,20 | 1 | 0 | | 26-02-20 |
| MAR,APR,20 BIL MAY,20 | 1 | 100 | N | 29-04-20 |
| MAY,JUN,20 BIL JUL,20 | 4 | 3 | | 18-07-20 |
| JUL,AUG,20 BIL SEP,20 | 4 | 0 | | 10-09-20 |
| SEP,OCT,20 BIL NOV,20 | 4 | 0 | | 30-10-20 |
| NOV,DEC,20 BIL JAN,21 | 160 | 156 | | 31-12-20 |
| JAN,FEB,21 BIL MAR,21 | 204 | 44 | | 06-03-21 |
| MAR,APR,21 BIL MAY,21 | 273 | 69 | | 20-05-21 |
| MAY,JUN,21 BIL JUL,21 | 3197 | 2924 | | 08-07-21 |
| JUL,AUG,21 BIL SEP,21 | 568 | 623 | C | 16-09-21 |
| SEP,OCT,21 BIL NOV,21 | 1008 | 440 | | 12-11-21 |
| NOV,DEC,21 BIL JAN,22 | 1391 | 383 | | 09-01-22 |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરેલ બિલીંગ પી.આર.ટી.-૧૪૫ અને એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદારને જે તે માસનું વીજબીલ મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ અપાયેલ નથી. જે મીટરરીડરની બેદરકારી જણાય છે. જે અન્વયે પી.જી.વી.સી.એલ. દ્વારા મીટર રીડીંગ એજન્સીને તા.૨૫-૦૨-૨૦૨૨ થી ખુલાસો પુછેલ છે તેમજ એમ.આર.આઈ. અહેવાલમાં ઉપલબ્ધ બિલીંગ KWh ના બિલીંગના આધારે નીચે મુજબના બિલીંગના વીજબીલો રીવાઈઝ કરેલ છે. જેની જાણકારી અરજદારને તા.૦૨-૦૩-૨૦૨૨ ના પત્રથી કરવામાં આવેલ છે.

| Billing Month | Current KWh | Past KWh | Consumption KWh |
|---|---|---|---|
| MAY JUN 2020 | 572 | 273 | 299 |
| JUL AUG 2020 | 989 | 572 | 417 |
| SEP OCT 2020 | 1420 | 989 | 431 |
| NOV DEC 2020 | 1797 | 1420 | 377 |
| JAN FEB 2021 | 2306 | 1797 | 509 |
| MAR APR 2021 | 2833 | 2306 | 527 |
| MAY JUN 2021 | 3197 | 2833 | 364 |
| TOTAL | | | 2924 |

આમ, પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને માહે મે-જુન-૨૦૨૧ નું વીજબીલ ૨૯૨૪ યુનીટનું એમ.આર.આઈ. અહેવાલના આધારે ઉપરના કોષ્ટક મુજબ જે તે સમયગાળાના બીલોની ગણતરી ધ્યાનમાં લઈને રીવાઈઝ કરવા સુચના આપવામાં આવે છે. પી.જી.વી.સી.એલ. દ્વારા અરજદારના ખાતામાં રૂ.૩૭૨૧.૫૧ જમા આપેલ છે જે ફરીથી ઉપર જણાવ્યા મુજબની ગણતરી પ્રમાણે ધ્યાને લઇ અરજદારના બિલીંગ ખાતામાં જરૂરી એડજેસ્ટમેન્ટ અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિવસ-૧૦ માં આપવા પીજીવીસીએલ પક્ષકારને આદેશ આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ મુજબની વિગતેની હુકમ કરવામાં આવે છે.

૪.૫ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય(ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં **રજૂઆત કરી શકે** છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને **લોકપાલ) વિનિયમો'** ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે **તો જ તેવી રજૂઆત** લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં **પરવાનેદાર પાસે** એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી **રજૂઆત લોકપાલ** સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, **આંબાવાડી,** અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot